# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/285 Dt. 08/01/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## વિદ્યાર્થીઓમાં રોડ સેફટી અંગે જાગૃતિ લાવવા ચેમ્બર ઓફ કોમર્સની ટ્રાફિક એન્ડ અવેરનેસ કમિટી દ્વારા પોલીસ કન્ટ્રોલ રૂમની શૈક્ષણિક મુલાકાત

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની ટ્રાફિક એન્ડ અવેરનેસ કમિટી દ્વારા મંગળવાર, તા. ૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ વિદ્યાર્થીઓમાં રોડ સેફટી અંગે જાગૃતિ વધારવા અને ટ્રાફિક નિયમોના પાલનનું મહત્વ સમજાવવા માટે સિંધુ સેવા સમિતિ સ્કૂલના વિદ્યાર્થીઓ માટે સુરત શહેરના પોલીસ કન્ટ્રોલ રૂમની શૈક્ષણિક વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિઝીટ દરમિયાન વિદ્યાર્થીઓને સુરત શહેરના ટ્રાફિક મેનેજમેન્ટ, ઇમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ, સીસીટીવી મોનીટરિંગ, ટ્રાફિક કન્ટ્રોલ રૂમની કાર્યપદ્ધતિ તથા શહેરમાં થતા અકસ્માતો અટકાવવા માટે લેવામાં આવતા પગલાં અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી વી.બી. વર્મા, આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેકટર શ્રી નરોત્તમભાઇ મોહનભાઇ, હેડ કોન્સ્ટેબલ શ્રી ધર્મેશભાઇ પ્રદ્યુમનભાઇ અને મહિલા પોલીસ કોન્સ્ટેબલ સુશ્રી નેહલબેન લાભુભાઇએ વિદ્યાર્થીઓને ટ્રાફિક સિગ્નલ, રોડ સેન્સ, હેલ્મેટ અને સીટબેલ્ટના ઉપયોગનું મહત્વ, તેમજ વાહન ચલાવતી વખતે મોબાઇલ ફોનના ઉપયોગથી થતા જોખમો વિષે સમજણ આપી હતી.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, રોડ સેફટી માત્ર નિયમોનું પાલન પૂરતું નથી, પરંતુ દરેક નાગરિકની જવાબદારી છે. વિદ્યાર્થીઓ બાળપણથી જ ટ્રાફિક નિયમોની સમજણ કેળવી લે તો આવનારા સમયમાં અકસ્માતોની સંખ્યા ઘટાડી શકાય છે. આ સાથે, ઇમર્જન્સી સમયે ૧૧૨ નંબરની ઉપયોગિતા અને તરત સહાય કેવી રીતે મળે છે તે અંગે પ્રેક્ટિકલ માહિતી પણ આપવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સની ટ્રાફિક એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન શ્રીમતી કામિનીબેન ડુમસવાલાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને વાસ્તવિક પરિસ્થિતિમાં ટ્રાફિક વ્યવસ્થાની સમજ મળે અને તેઓ પોતે તેમજ પોતાના પરિવારજનોને પણ રોડ સેફટી અંગે જાગૃત કરે, તે હેતુથી આ પ્રકારની વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આવનારા સમયમાં ચેમ્બર દ્વારા વિવિધ સ્કૂલોમાં રોડ સેફટી અવેરનેસ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

આ વિઝીટ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નો પુછ્યા હતા અને પોલીસ અધિકારીઓ સાથે સીધો સંવાદ કરી ટ્રાફિક અને રોડ સેફટી અંગેની પોતાની શંકાઓ દૂર કરી હતી. અંતે, વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ પ્રેરણાદાયક અનુભવ બદલ ચેમ્બર ઓફ કોમર્સ તથા સુરત શહેર પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.